Kesari_The Target_Junagadh_300717_PG-04

# 'માર્કેટ' સામ્રાજ્યને તોડી પાડતા રાજકીય ષડયંત્રની દાસ્તાન

(ગૌરવ ખત્રી દ્વારા)
અમદાવાદ તા.૨૯

ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મોખરાનું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગુહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું હતું.

શાંતનૂ ગુહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોનોમી' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહીં, અગ્રણી બુક સ્ટોર 'ક્રોસવર્ડ'માં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે, જે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે.

'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને




લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગુહા રે લિખિત આ પુસ્તક વાંચ્યા બાદ એનએસઈએલ (નેશનલ સ્પોટ એક્સચેંજ) પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. કેટલાંક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાદાસર જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. આ સ્થાપિત હિતો કોણ હતાં અને તેમના બદઈરાદાઓ કયા અને કેવા હતા તેના પર શાંતનૂએ પુસ્તકમાં પ્રકાશ પાડ્યો છે અને દેશમાં ચાલતી રાજકારણીઓ અને અમલદારશાહીની સાંઠગાંઠને પુસ્તકમાં ખુલ્લી પાડી છે.

૨૫૩ પાનાંનું આ પુસ્તક ગુહા રેની બે વર્ષની ઊંડી તપાસનું પરિણામ છે. તેમણે કેટલીક ગોપનીય સરકારી ફાઈલો ઉથલાવીને અને માહિતગાર લોકો સાથેની વાતચીત મારફતે આંચકાદાયક ઘટસ્ફોટ કર્યા છે. તેમણે કહ્યું છે કે એનએસઈએલને બંધ કરવાનું કહેવું એ એક્સચેન્જને અને તેના મારફતે જિજ્ઞેશ શાહ તથા તેમનાં તમામ સંશોધનાત્મક સાહસને નુકસાન પહોંચાડવા માટેનું કારસ્તાન હતું. આ ષડ્યંત્ર રચાયું તેની પાછળનું કારણ એ હતું કે જિજ્ઞેશ શાહે પોતાના આગવા સંશોધનોને વડે જે નવા સાહસો ઊભા કર્યાં હતા તેને લીધે માર્કેટનાં વગદાર લોકોની ઈજારાશાહી તૂટી ગઈ હતી. ગુહા રે કહે છે તેમ, જેમના પર આંત્રપ્રેન્યોરશિપ અને ટેકનોલોજી આધારિત ઈનોવેશન કરવાની જવાબદારી હતી એવા જ લોકોએ તેનું ગળું ઘોંટી દેવાનું કામ કર્યું.

શાંતનૂ ગુહા રેએ કહ્યા મુજબ જિજ્ઞેશ શાહે વિવિધ અસેટ્સમાં એવાં ૧૦ એક્સચેન્જો સ્થાપ્યાં હતાં, જે દુનિયાના અલગ અલગ ભાગોમાં અલગ અલગ નિયમનકારો હેઠળ કામ કરી રહ્યાં હતાં અને પોતપોતાની જગ્યાએ શ્રેષ્ઠ કામગીરી બજાવી રહ્યાં હતાં. જિજ્ઞેશ શાહે માત્ર ૧૦ વર્ષના ગાળામાં ભારત, સિંગાપોર, દુબઈ અને આફ્રિકામાં એક્સચેન્જોની સ્થાપના કરી હતી. કોઈ ઈનોવેટરે આવી સિદ્ધિ પ્રાપ્ત કરી નથી. તેમનાં એક્સચેન્જ ભારતમાં પ્રથમ અને વિશ્વમાં બીજા ક્રમાંકે હતાં. તેમને આવડત અને કુનેહના જોરે કોઈ પાછળ પાડી શકે એમ ન હતું. જોકે, તેમણે આ બધાં સર્જન કરતી વખતે નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને તેને સમર્થન આપનારાં સ્થાપિત હિતોની સાથે અજાણતાં જ દુશ્મની વહોરી લીધી. જિજ્ઞેશ શાહ બજારોનું લોકતાંત્રિકીકરણ કરાવવા માગતા હોવાનું પણ લેખકે કહ્યું છે.

લાગે છે કે જિજ્ઞેશ શાહે નવી ચીલો પાડીને કરેલાં કાર્યોને જોઈને જ લેખકને જિજ્ઞેશ શાહ અને ૧૯૫૦ના દાયકાની સુપ્રસિદ્ધ નવલકથા - 'એટલસ શ્રગ'ના મુખ્ય પાત્ર જોન ગલ્ટની તુલના કરવાનું મન થયું હશે. પ્રવર્તમાન સિસ્ટમ સામે બાથ ભીડનારી બન્ને વ્યક્તિઓ - જિજ્ઞેશ શાહ અને ગલ્ટ વચ્ચેના સામ્યને ગુહા રેએ ખરું પારખ્યું છે.

પુસ્તક પરથી જાણવા મળે છે કે જિજ્ઞેશ શાહે ફાઈનાન્શિયલ ટેક્નોલોજીસ ઈન્ડિયા લિમિટેડ (એફટી-આઈએલ) શરૂ કરી ત્યારથી જ નેશનલ સ્ટોક એક્સચેન્જ ગ્રુપની સામે મોટો પડકાર ઊભો થયો હતો. આથી જ જિજ્ઞેશ શાહની પ્રગતિ જોઈને તેમના હરીફો ઈર્ષ્યાની આગમાં હોમાઈ ગયા અને તેમણે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવ્યા.

ગુહા રેએ આ પુસ્તકમાં કેટલાંક અગત્યના પ્રશ્નો ઊભા કર્યા છે: શું એનએસઈએલની કટોકટી ખાળી શકાઈ હોત? શું આપણે આપણા આંત્રપ્રેન્યોર્સ અને ઈનોવેટરો સાથે આવો જ વર્તાવ કરીએ છીએ? જો તપાસનીશ એજન્સીઓને એનએસઈએલની પેમેન્ટ કટોકટીનાં નાણાં ૨૪ ડિફોલ્ટરો પાસે ગયા હોવાનું ખબર હોય અને અદાલતે પણ એ બાબત સ્પષ્ટ કરી છે, તો પછી એ બધી જ એજન્સીઓ શું કામ જિજ્ઞેશ શાહની પાછળ પડી ગઈ છે?

પુસ્તક વિશે: 'ધ ટાર્ગેટ' પુસ્તકનું આમુખ લેખક, કટારલેખક અને સમીક્ષક સુહેલ શેઠે લખ્યું છે તથા દિલ્હીની ઓથર્સઅપફ્રન્ટ સંસ્થા તેનું વિતરણ કરી રહી છે. ૧૯૫ રૂપિયા મૂલ્ય ધરાવતું આ પુસ્તક અમેઝોન ઉપરાંત ભારતના અનેક લોકપ્રિય પુસ્તકવિક્રેતાઓ પાસે ઉપલબ્ધ છે.

લેખક વિશે: શાંતનૂ ગુહા રે ખોજખબરના પ્રશિક્ષિત પત્રકાર છે. તેમણે અનેક સંશોધનાત્મક અહેવાલો તૈયાર કર્યાં છે. ગર્ભાશયના મુખના કેન્સર સંબંધે માનવીઓ પર થઈ રહેલા અખતરાની પોલ તેમણે ખોલી કાઢી છે; તેઓ 'લાડલી' અને 'રામનાથ ગોએન્કા' પુરસ્કારના વિજેતા છે.